હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, આચારસંહિતાને કારણે કોઇ કામ ન થાય તેમ હોય તો... માર્કેટયાર્ડ મગફળીની આવક ચાલુ થઇ છે ત્યાં સળગાવી આવુ...!!!

પદ્મભૂષણ શ્રીમતી ઇલાબેન ભટ્ટનાં અવસાન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

ગાંધીનગર,તા.૦૪

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે સેવા સંસ્થાના સંસ્થાપક અને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ, પદ્મભૂષણ અને રોમન મેગ્સેસે એવોર્ડ વિજેતા શ્રીમતી ઈલાબેન ભટ્ટના નિધન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે અને સદગતને શ્રધ્ધાંજલિ પાઠવી છે.

રાજ્યપાલશ્રી એ તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે શ્રીમતી ઈલાબેન ભટ્ટના અવસાનથી સમાજ જીવનમાં ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમણે જણાવ્યું છે કે પ્રખર ગાંધીવાદી-અનુયાયી સ્વ. ઈલાબેન ભટ્ટે સેવા સંસ્થાના માધ્યમથી મહિલા સશક્તિકરણ ક્ષેત્રે પ્રેરણારૂપ કામગીરી કરીને સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. સ્વ. ઈલાબેન ભટ્ટનું કાર્ય પ્રદાન હંમેશાં યાદ રહેશે. રાજ્યપાલશ્રીએ સદગતનાં આત્માને ઈશ્વર શાશ્વત શાંતિ અર્પે અને પરિવારજનોને આ આઘાતને સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના પણ વ્યક્ત કરી છે.

કડીમાં ડાક ઘર લખેલી ટ્રકમાંથી વિદેશી દારુનો જથ્થો ઝડપાયો

પોલીસે ૨૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો

કડી,તા.૪

કડી પોલીસે થોડાં દિવસો પહેલાં ડાક ઘર લખેલી ટ્રકમાંથી વિદેશી દારુનો મોટાપાયે જથ્થો ઝડપ્યો હતો. જેમાં બે આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. આ કેસમાં કોર્ટ દ્વારા સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખવામાં આવી છે અને ગુનાના મૂળ સુધી જવાં આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં છે.

કડી તાલુકાના જાસલપુરથી સરસાવ જવાના રસ્તા ઉપરથી વિદેશી દારૂની હેરાફેરી કરતી ડાક ઘર લખેલી ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટાપાયે જથ્થો ઝડપવામાં આવ્યો હતો. જેમાં કડી પોલીસ સ્ટેશન સ્ટાફ કડી તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ પર હતા. તે દરમિયાન પોલીસ સ્ટાફના માણસોને બાતમી મળતા તેઓએ જાસલપુરથી સરસાવ જવાના રસ્તા ઉપર એક પરપ્રાંતીય ટ્રકને ઝડપી હતી. તેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કડી તાલુકાના જાસલપુરથી સરસાવ જવાના રસ્તા ઉપરથી ડાક ઘર લખેલી ટ્રકમાંથી ૨૯૨ પેટી વિદેશી દારૂની મળી આવી હતી. જેની કિંમત ?૧૫ લાખ ૯ હજાર ૬૦૦ તેમજ ટ્રક મોબાઈલ સહિત કુલ કિંમત ૨૦ લાખ ૧૯ હજાર ૬૦૦નો મુદ્દામાલ કબજે કરીને પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસમાં પોલીસે સોઢા વિનોદ અને પ્રકાશ મદનલાલને ઝડપી પાડ્યા હતાઆ કેસમાં કડી પોલીસે રિમાન્ડની માંગણી કરતા સરકારી વકીલ પરેશકુમાર દવે એ દલીલો કરી હતી કે, આરોપીઓ મુદ્દામાલ સાથે રેડ દરમિયાન ઝડપાઈ ગયા છે. તેમજ મુદ્દામાલ ખૂબ મોટી કિંમતમાં છે.

રાજકીય પક્ષોએ પ્રચાર પ્રસાર માટે જાતભાતના નુસખા અપનાવવાનુ શરૂ કર્યુ છે. વિવિધ સાધનો અને માધ્યમોમાં પક્ષ અને ઉમેદવારોનો પ્રચાર થઈ શકે તે માટે રાજકીય પક્ષોએ કામગીરી શરૂ કરી છે. મિની કમલમ્ તરીકે ઓળખાતા રાયસણ ભાજપ કાર્યાલય ખાતે કમળના નિશાનવાળા એક્ટિવા લાવવામાં આવ્યા છે. ચૂંટણી પ્રચારમાં તેનો ઉપયોગ કરવામાં આવશે.

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારના ગામોમાં નાગરિક કાનૂની જાગૃતતા શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૪

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દિલ્હીના સૂચના હેઠળ નામ. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તેમજ રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ગુજરાત હાઈકોર્ટ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તાંડળ, ગાંધીનગર દ્વારા તા. ૩૧મી ઓક્ટો.થી ૧૩-૧૧-૨૦૨૨ના સમયગાળા દરમ્યાન ગાંધીનગર જિલ્લા અને તાલુકા કક્ષાના ગ્રામ્ય વિસ્તારમાં જન જાગૃતિ અવેરનેસ પ્રોગ્રામ અંતર્ગત તમામ ગ્રામ પંચાયતમાં અવેરનેસ અંતર્ગત વેલફેર લૉ અને સ્કીમ, નાગરિકોના હક્કો અને ફરજો, ફ્રી લીગલ-એડ-સર્વીસ અંગેની લોકોમાં જાગૃતતા કેળવવા ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારના ગ્રામોમાં દશેલા, સાદરા, મહુન્દ્રા, મોતીપુરા, માધવગઢ, આલમપુર, દોલારાણા વાસણા, ધરમપુર, ભુંડિયા, લેકાવાડા, મોતીપુરા, ચંદ્રાલા, ધણપ, મહુન્દ્રા, ગિયોડ, કાનપુર, છાલા, શિહોલી મોટી વગેરેમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈ, નટુભાઈ પટેલ તથા ભારતીબેન પટેલ દ્વારા નાગરિકોના અધિકારો, ફરજો, સ્કીમો અને મફત કાનૂની સહાયતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ સાથે ગ્રામજનોને તથા પદાધિકારીઓએ પેમ્ફલેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

દુધસાગર ડેરી બચાવો સમિતિ દ્વારા દુધ ઉત્પાદકોને થતા અન્યાય અંગે ગાંધીનગર કલેકટરને આવેદન પત્ર

દુધ સાગર ડેરી રાજસ્થાનના દુધ ઉત્પાદકોને કિલો ફેટે રૂ.૮૫૦ ચુકવે છે, જ્યારે મહેસાણાના દુધ ઉત્પાદકોને રૂ.૭૪૦ આપે છે : બેચરભાઈ ચૌધરી

ગાંધીનગર, તા.૪

દુધ સાગર ડેરી બચાવો સમિતિ દ્વારા આજે ગાંધીનગર કલેકટરને દુધ ઉત્પાદકો ને દુધના ભાવમાં થતા અન્યાય અંગે આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે. દુધ ઉત્પાદકોએ કલેકટરને અનુરોધ કર્યો હતો કે રાજસ્થાનના દુધ ઉત્પાદકોને કિલો ફેટે રૂ.૮૫૦ આપે છે. જયારે મહેસાણા દુધ ઉત્પાદકોને કિલોફેટે રૂ.૭૪૦ આપવામાં આવે છે. પોતાના રાજયના દુધ ઉત્પાદકો સાથે થતા અન્યાયને અમે સાંખી નહી લઈએ. રાજસ્થાનની જેમ જ ગુજરાતના પણ દુધ ઉત્પાદકોને આ ભાવ મળવો જોઈએ તેમ બેચરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

રાજયમાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની મોંઘવારી સતત વધી રહી છે. જેની સૌથી મોટી અસર ગામડાના ખેડુતો તેમજ પશુપાલકો પર પડી રહી છે. દુધ ઉત્પાદકનો આર્થિક વ્યવહાર દુધના વ્યવસાય પર આધારીત છે. ગાંધીનગર સિવાયના દુધ ઉત્પાદકો દુધસાગર ડેરી ના સંચાલકોને અણઘડ વહીવટને કારણે દુધ ઉત્પાદકો ભારે નુકશાન વેઠી રહ્યા છે. સામાન્ય રીતે દુધ સાગર ડેરીની એવી પરંપરા રહી છે કે દુધ ઉત્પાદકોને છેલ્લા વર્ષનો વર્ષના અંતે જે આખરી ભાવ ચુકવાયો હોય તેના કરતા ચાલુ વર્ષે વધારે ભાવ મળવો જોઈએ. દુધ સાગર ડેરીએ ઉત્પાદકોને આખરી ભાવ રૂ.૭૬૦ ચુકવ્યા હતા. ત્યારે હાલ વધવાની જગ્યાએ કિલો ફેટે ભાવ રૂ.૭૪૦ આપવામાં આવે છે. જયારે બનાસ ડેરી અને સાબર ડેરીનો આખરી ભાવ રૂ.૮૬૦ ચુકવવામાં આવ્યા છે. જેથી જિલ્લાના દુધ ઉત્પાદકોને ભારે અન્યાય થઈ રહ્યો છે.અમુલ ફેડરેશન દ્વારા છેલ્લા ચાર માસમાં લિટરે (૬ફેટ) ૭ રૂપીયાનો વધારો કરવામાં આવેલ છે. પરંતુ દુધસાગર ડેરીના વહીવટકર્તા દ્વારા દુધ ઉત્પાદકોને ૧.૨૦ ચુકવવામાં આવે છે. તો બીજીતરફ દુધસાગર ડેરી રાજસ્થાનમાંથી પણ દુધની ખરીદી કરે છે. દુધસાગર ડેરી દ્વારા રાજસ્થાનના દુધ ઉત્પાદકોને કિલોફેટે રૂ.૮૫૦ લિટરે રૂ ૫

સબસીડી આપવામાં આવે છે. તેની સામે મહેસાણા જિલ્લાના દુધ ઉત્પાદકોને માત્ર રૂ.૭૪૦ ચુકવાય છે. જેથી જિલ્લાના દુધ ઉત્પાદકોને રૂ.૧૧૦ ની ખોટ પડે છે. ત્યારે ડેરીના સંચાલકોના અણઘડ વહીવટને પગલે દુધ ઉત્પાદકોનું શોષણ થઈ રહ્યું છે.

વીએચપી ૧૫ દિવસમાં ૫૦લાખ હિન્દુઓને પરિષદ સાથે જોડશે

વીએચપીનું હિતચિંતક અભિયાન રાજ્યના ૧૦હજાર ગામડાઓ સુધી પહોચશે

ગાંધીનગર, તા.૦૪

વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાતના આગામી તા. નવેમ્બરથી શરૂ થતા હિતચિંતક અભિયાન થકી ૧૦ હજાર ગામડાઓમાં પહોંચીને ૫૦ લાખ હિન્દુઓને જોડશે. વીએચપીના કેન્દ્રિય નેતા કૌશિકભાઈ મહેતાએ જણાવ્યું હતું કે ૨૦૨૪માં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થશે, તા.૬ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી ષષ્ઠી પૂર્તિના અવસર પર દેશભરમાં હિંદુઓ સુધી પહોચવા માટે વિશ્વ હિન્દુ પરિષદનું રાષ્ટ્રવ્યાપી હિતચિંતક અભિયાન ચલાવશે, જે અંતર્ગત ગુજરાતભરમાં પણ આ અભિયાન સર્વસ્પર્શી બનાવવા માટે વિહિપના કુલ ૨૫ હજારથી વધુ કાર્યકરો કામે લાગશે. ઉત્તર ગુજરાત પ્રાંતના ૩ હજાર ગામ, સૌરાષ્ટ્ર પ્રાંતના ૪ હજાર ગામ, અને મધ્ય ગુજરાતના ૩ હજાર ગામ સુધી પહોંચી ૫૦લાખ હિંદુઓ સુધી પહોચવાનું લક્ષયાંક પૂર્ણ કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે "આ અભિયાનથી અમે સમાજના દરેક વર્ગ , જાતિ, પંથ , સંપ્રદાયનો સંપર્ક કરીશું અને તેમને રાષ્ટ્રહિતના કાર્યો સાથે જોડીશું. અભિયાનમાં ખાસ વર્ગના નાગરિકોને જોડવા માટે વિશેષ સંપર્ક પણ કરવામાં આવશે. આ અંતર્ગત તમામ પ્રકારની સેલિબ્રિટીઓ સહીત પ્રભુદ્ધ નાગરિક જેમ કે ડોક્ટર, એન્જિનિયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વકીલ, ભૂતપૂર્વ ન્યાયાધીશો, ગાયકો, અભિનેતાઓ, રમતવીર વગેરેને પણ જોડવામાં આવશે. હિતચિંતક અભિયાનની ટોળીનું લક્ષ્ય ગુજરાતના ૧૦ હજાર ગામડાઓ સુધી પહોંચવાનું અને ૫૦ લાખ હિતચિંતક બનાવવાનું નક્કી કર્યું છે. આ અંતર્ગત નાગરિકોને વીએચપીના કાર્યો વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવશે. હિત ચિંતક અભિયાનનો ઉદ્દેશ્ય વીએચપીના વિવિધ આયામો દ્વારા ચાલતાં સેવાકાર્યોને વિસ્તારવાનો અને લોકો સુધી પહોચાડવાનો છે. તે ઉપરાંત વધુ ને વધુ વંચિત સમાજને સેવા કાર્ય સાથે જોડવા, સનાતન સંસ્કારોને નવી પેઢી સુધી પહોંચાડવા, ગાયોનું રક્ષણ, સામાજિક સમરસતા, મહિલા સશક્તિકરણ, કુટુંબ પ્રબોધન , પર્યાવરણ સંરક્ષણ અને મઠ-મંદિરોની સુવ્યવસ્થિત વ્યવસ્થા તેમજ હિંદુ સમાજને સંગઠિત કરી સુરક્ષાનો ભાવ જગાડવા માટેની સંકલ્પ ભાવના કેળવવીએ પણ અભિયાનનો ઉદ્દેશ્ય છે.

સિવિલ હોસ્પિટલમાં ખાનગી એજન્સીના સુપરવાઈઝરને દુર કરાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખાનગી એજન્સી હેઠળ ફરજ બજાવતા સુપરવાઈઝર સફાઈ કર્મચારીઓને પરેશાન કરવામાં આવતા હોવાની વ્યાપક ફરીયાદો તંત્રને મળતા ગઈકાલે સુપરવાઈઝરને હોસ્પિટલમાંથી છુટા કરી દેવામાં આવ્યા છે. ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં મેન પાવરનો કોન્ટ્રાકટ ખાનગી એજન્સી દ્વારા પુરો પાડવામાં આવે છે. ત્યારે ખાનગી એજન્સી દ્વારા સુપરવાઈઝર તરીકે એક કર્મચારી રાખવામાં આવ્યો હતો. ત્યારે સુપર વાઈઝર દ્વારા સફાઈ કર્મચારીઓને હેરાન પરેશાન કરવામાં આવતા હોવાની વ્યાપક પ્રમાણમાં ફરીયાદો ઉઠવા પામી હતી.ત્યારે આ મુદ્દે સુપર વાઈઝરના જણાવ્યા મુજબ સફાઈ મુદ્દે કર્મચારીઓને કહેતા હોવાથી તેઓ ખોટા આક્ષેપ કરી રહ્યા છે. હાલમાં તો સિવિલના સુપરવાઈઝરને હોસ્પિટલમાંથી ખાનગી એજન્સી દ્વારા ખસેડી દેવામાં આવ્યા છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જી-સ્વાન નેટવર્કની કનેક્ટીવીટી ખોરવાઈ જતાં તંત્રની કામગીરી ખોરવાઈ જવા પામી હતી.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીએ પહોંચ્યો હતો.

● કોબાના પૌરાણિક કુંભેશ્વર મહાદેવના જીર્ણોદ્વારની કામગીરી હાથ ધરવામાં આવી છે.

● ગાંધીનગર તેમજ તેની આસપાસના વિસ્તારોમાં નીલગાયની સમસ્યા ફરી એકવાર ગંભીર બની સામે આવી રહી છે.

● ગાંધીનગર જિલ્લાનું તંત્ર હવે ચૂંટણીની કામગીરીમાં ઓતપ્રોત થઈ ગયુ છે.

● ગાંધીનગર શહેરમાં ચ-૩ની સિગ્નલ લાઈટો બંધ હોવાથી લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

● ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની એસ.ટી. બસની સેવાઓ નિયમિત થાય તેવુ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

● ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ બેસી જવાની ઘટનાઓ હવે સામે આવી રહી છે.

● જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ગ્રામ પંચાયતોમાં ૧૩મી નવેમ્બર સુધી કાયદાઓ અંગે જાગૃત્તિ આપવામાં આવશે.

● માણસામાં ગંદકીના થર જામી જતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● વૈદિક એસ્ટ્રોલોજી ફાઉન્ડેશન દ્વારા સે. ૩-ડી ના રામેશ્વર મંદિર ખાતે મેરૂ પૃષ્ઠ શ્રીમંત્રની મહાપૂજા યોજાઈ હતી.

● દહેગામમાં કચ્છ-કાઠિયાવાડ સમાજનું નૂતન વર્ષનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો.

સીએમ ઉમેદવાર તરીકે ઈશુદાનનું નામ જાહેર થતાં ગાંધીનગરના આપ કાર્યકર્તાઓમાં ઉત્સાહ

ગાંધીનગર, તા. ૦૪

આજે આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રી તરીકે ઈશુદાન ગઢવીનું નામ જાહેર કર્યુ છે. આપ પાર્ટી દ્વારા પંજાબની તર્જ પર ગુજરાતમાં પણ કરાવવામાં આવેલાં ઓનલાઈન સર્વેમાં ૭૩ ટકા નાગરિકોએ ઈશુદાન ગઢવીની તરફેણમાં નામ આપ્યું હતું તેવી જાહેરાત કરતાં અરવિંદ કેજરીવાલે તેમનું નામ જહેર કર્યુ હતું. આ પ્રસંગે ઈશુદાન ગઢવીએ જણાવ્યું હતુ કે "મને રાજનિતીમાં લાવવા માટે અરવિંદ કેજરીવાલે સમજાવ્યો હતો, તેમણે કહ્યું હતું કે આપણે દેશમાં પરિવર્તન લાવવાનું છે." આમ આદમી પાર્ટી દ્વારા આગામી મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે ઈશુદાન ગઢવીનું નામ જાહેર કરવામાં આવતાં પાર્ટીના ગાંધીનગરના કાર્યકર્તાઓમાં આનંદની લાગણી છવાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓ દરમ્યાન ઈશુદાન ગઢવીએ પ્રચારની કમાન સંભાળી હતી અને સમગ્ર પ્રચાર અભિયાન દરમ્યાન ગાંધીનગર ખાતે જ રહીને મહાનગરપાલિકામાં આપ પાર્ટીની એન્ટ્રી સુનિશ્ચિત કરી હતી. આ પ્રચાર દરમ્યાન પાર્ટીના ગાંધીનગર ખાતેના કાર્યકરો સાથે તેમણે ઘણો સમય વિતાવ્યો હતો અને તેમનું માર્ગદર્શન કર્યુ હતું જેના કારણે આપના પાટનગરના કાર્યકરોનો તેમની સાથે એક ખાસ ઘરોબો કેળવાઇ ગયો છે. મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે ઈશુદાનનું નામ જાહેર થતાંજ આપના ગાંધીનગર ખાતેના અગ્રણી નેતાઓ અને કાર્યકર્તાઓએ પાર્ટીના વોટ્સએપ ગ્રુપ તથા પોત પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ મૂકી અભિનંદન પાઠવ્યાં હતાં.

પેથાપુરના રહીશે દરિયાપુર બેઠક માટે દાવેદારી નોંધાવી

ગાંધીનગર, તા.૪

ગુજરાત વિધાનસભાની ચુંટણીની જાહેરાત થઈ ગઈ છે. ત્યારે ચુંટણી લડવા માટે ઈચ્છુક ઉમેદવારોએ ટીકીટ માટે રાજકીય ગોડફાધરો દ્વારા લોંબીગ શરુ કરી દીધા છે. ત્યારે રાજયની દરેક બેઠક પર બે આંકડામાં ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે.

તો બીજીતરફ છેલ્લા બે દાયકાથી વધુ સમયથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે.

ત્યારે ભાજપ પક્ષમાંથી ટીકીટ લેવા માટે ઉમેદવારોની લાઈન લાબી છે. ત્યારે પેથાપુર કસ્બામાં રહેતા અને ભાજપના કર્મઠ કાર્યકર મોહમંદ ઈસ્માઈલ પઠાણે દરિયાપુર વિધાનસભા માટે પોતાની દાવેદારી નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે મોહમંદ ઈસ્માઈલ પઠાણની સાસરી ખાનપુર કલ્યાણીવાડમાં છે તેમજ તેઓનુ મોસાળ પણ દરિયાપુરમાં જ હોવાથી ત્યાના

સ્થાનિક નાગરીકો સાથે પણ સારો પરિચય ધરાવે છે.

તેઓ વિવિધ સેવાકીય અને સામાજીક સંસ્થાઓ જોડે પણ સંકળાયેલા છે. જયારે મોહમંદ ઈસ્માઈલ પઠાણ ભાજપના જુના અને પાયાના કાર્યકર હોવાથી ભાજપમાંથી તેઓએ પેથાપુર પાલિકાની વર્ષ ૨૦૧૬માં યોજાયેલ ચુંટણીમાં ઉમેદવાર હતા. જયારે ભાજપ પ્રદેશ આમંત્રિત સભ્ય તરીકે કાર્યરત છે.

રાષ્ટ્રીય મુસ્લિમ સેનાના પ્રદેશ અધ્યક્ષ તરીકે પણ મોહમંદ ઈસ્માઈલ પઠાણ કામગીરી સંભાળી રહ્યા છે. આ સંસ્થા સરકારી યોજનાનો વધુમા વધુ નાગરીકોને લાભ મળે તે માટે સહાયરૂપ થાય છે.

ત્યારે દરિયાપુર બેઠક માટે પણ ઘણા ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે.

ત્યારે પેથાપુરના આ કર્મઠ કાર્યકરની કામગીરીની ધ્યાને રાખી વિધાનસભાની દરિયાપુરની બેઠક માટે ભાજપ પક્ષનું પલ્લુ તેમની તરફ નમે છે કે કેમ તે જોવુ રહ્યું..

મતદાન મથકે ન આવી શકતા મતદારો ઘરેથી મતદાન કરી શકશે

પહેલી વખત મતદાન કરનાર યુવા મતદારો માટે સમગ્ર રાજ્યમાં સમર્પિત મતદાન મથકો બનશે : સિનિયર સિટિઝનો-દિવ્યાંગ માટે ખાસ સુવિધા

ગાંધીનગર, તા. ૪

૧૫મી વિધાનસભાની ચૂંટણી રાજકીય પક્ષો માટે તો મહત્વની છે જ પરંતુ ચૂંટણી પંચે પણ આ ચૂંટણી માટે વિશેષ તૈયારીઓ શરૂ કરી છે. ચૂંટણી પંચે બે તબક્કામાં યોજાનાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ માટે ખાસ આયોજન કર્યુ છે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યુ છે કે આ વખતે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૩.૨૩ લાખ મતદારો એવા છે જેઓ પહેલી વખત મત આપી રહ્યા છે. આ યુવા મતદારોનો ઉત્સાહ વધારવા દરેક જિલ્લામાં યુવા મતદારોને સમર્પિત મતદાન મથકો બનાવાશે. દરેક વિધાનસભામાં એક મોડલ પોલીંગ સ્ટેશન હશે. ૫૦ ટકા કરતા વધુ મતદાન મથકો પરથી લાઈવ વેબકાસ્ટીંગ કરવામાં આવશે. મહિલા મતદારો, વડીલ મતદારો અને દિવ્યાંગ મતદારો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલા મતદારો માટે ૧૩૭૪ મતદાન મથકો મહિલા સ્ટાફ સંચાલિત હશે. ૮૦ વર્ષથી વધુ ઉંમરના મતદારો અને કોરોના પીડિતો માટે ઘરે બેઠા મતદાનની સુવિધા મળશે. મતદાન કેન્દ્રો પર દિવ્યાંગો માટે વ્હીલચેરની સુવિધા અપાશે. ૧૮૨ મતદાન કેન્દ્રોનુ સંચાલન દિવ્યાંગો કરશે. ૩૩ મતદાન મથકો પર નાની વયના યુવાન કર્મચારીઓને સંચાલન સોંપવામાં આવશે. દર બે કિમીએ એક મતદાન મથક મળે તેવી સુવિધા કરાશે.

ગુજરાતમાં ૧૦૦ વર્ષની ઉંમરવાળા ૧૧,૮૦૦ મતદારો

ચીફ ઈલેક્શન કમિશનર રાજીવ કુમારે પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપી હતી કે અમે આ વખતે દિવ્યાંગ મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો અને નવા મતદારો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. ગુજરાતના મતદારોને મોટી સંખ્યામાં મતદાન કરવાની અપીલ સાથે તેઓએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં દર ૧૦૦૦ પુરૂષની તુલનામાં ૯૩૪ મહિલાઓ છે. અને ૧૧,૮૦૦ મતદારો ૧૦૦ વર્ષની ઉંમર ધરાવે છે.

સોશયલ મીડિયામાં આચારસંહિતા : ફેક મેસેજ ગ્રુપમાં નહીં મૂકવા ગૃપ એડમિન્સની સૂચનાઓ

ગાંધીનગર, તા.૦૪

સોશિયલ મીડિયા આજકાલ માહિતીના આદાનપ્રદાનની મુખ્ય સાધન બની ગયું છે પરંતુ તે સાથે સાથે સોશિયલ મીડિયા ઉપર ફેક ન્યુઝ અથવા તો નફરતભર્યા સંદેશાઓની ભરમાર પણ જોવા મળે છે. સોશિયલ મીડિયા પર આ પ્રકારના સંદેશાઓ પર લગામ તાણવા સરકાર ગંભીરતાથી કાર્ય કરી રહી છે અને તે અંતર્ગત બનાવાયેલા નિયમોમાં ગ્રુપ એડમીનને પણ ગ્રુપના સભ્યો દ્વારા પોસ્ટ કરવામાં આવતી માહિતી માટે જવાબદાર ઠેરવવામાં આવે છે. આ કારણે ચૂંટણીની આચારસંહિતા લાગુ થતાં જ સોશિયલ મીડિયા પરના ગ્રુપ એડમીન્સ પણ સક્રિય થઈ પોતાના ગ્રુપમાં વાંધાજનક માહિતી પોસ્ટ ના થાય જેના કારણે મુશ્કેલીમાં મુકાવું પડે તેની ફીકરમાં લાગી ગયા છે. આ બાબતને અનુલક્ષીને મોટાભાગના ગ્રુપ એડમિન છે પોતાના ગ્રુપમાં નફરત ફેલાવતા કે સામાજિક સોહાર્દ ખરાબ કરતાં ફેક મેસેજીસને ફોરવર્ડ કરવા પર લગામ તાણતી સૂચનાઓ ગ્રુપમાં આપવા માંડી છે. સોશ્યલ મીડિયા પર આજકાલ વિવિધ પ્રકારનાં ગ્રુપની ભરમાર જોવા મળે છે પરંતુ મોટાભાગના ગ્રૂપમાં એકસરખા ફોરવર્ડીયા મેસેજોની લંગાર લાગી હોય છે છે પણ એક સત્ય હકીકત છે.

આ મોટા ભાગના મેસેજ રાજકીય અથવા જાતિવાદ કે ધાર્મિક બાબતે ટીકા ટીપ્પણી કરતા મેસેજીસ જોવા મળે છે જેમાં સામાન્ય યુઝર્સ ભરમાઈને તેને ફોરવર્ડ કરતા હોય છે. આવા મેસેજિસમાં ક્યારેક આપત્તિજનક સંદેશાઓનો પણ સમાવેશ થતો હોય છે જેના કારણે મેસેજ ફોરવર્ડ સપના સાથે ગ્રુપ એડમીનને પણ મુશ્કેલીમાં મુકાવું પડતું હોય છે. ચૂંટણીઓ જાહેર થઈ જતાં જ રાજકીય ચડસાચડસી ચરમસીમાએ પહોંચવાની છે જેમાં ક્યારેક રાજકીય ઉપરાંત જાતિવાદી અને ધાર્મિક બાબતોને લગતા આપત્તિજનક સંદેશાઓનો પણ સમાવેશ થતો હોય છે.